# સુરતની મિલો સપ્તાહમાં બે દિવસ સ્વૈચ્છિક બંધ રહેશે

**યુદ્ધની** સ્થિતિ અને રૉ-મટિરિયલના ભાવવધારાને પગલે આજથી જ અમલ શરૂ



સુરત:વૈશ્વિક સ્તરે પ્રવર્તી રહેલી યુદ્ધની ભીષણ પરિસ્થિતિ અને તેને કારણે ટેક્સટાઇલ ઉદ્યોગમાં વપરાતા કાચા માલ (રૉ-મટીરીયલ) ના આસમાને પહોંચેલા ભાવને કારણે સાઉથ ગુજરાત ટેક્સટાઇલ પ્રોસેર્સ એસોસિએશન (SGTPA) ની આજે મળેલી બેઠકમાં સુરત ટેક્સટાઇલ ક્લસ્ટરના ૨૫થી વધુ પ્રતિનિધિઓની હાજરીમાં સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું છે કે, શહેર જિલ્લાની તમામ 350 પ્રોસેસિંગ અને પ્રિન્ટિંગ મિલો અઠવાડિયામાં બે દિવસ સ્વૈચ્છિક રીતે બંધ પાળશે.

સાઉથ ગુજરાત ટેક્સટાઇલ પ્રોસેસર્સ એસોસિએશનના પ્રેસિડેન્ટ જીતેન્દ્ર વખારીયા એ જણાવ્યું હતું કે, ઉદ્યોગ સંગઠનો દ્વારા લેવાયેલ નિર્ણય મુજબ, દરેક ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ પોતાની અનુકૂળતા મુજબ બંધના દિવસો નક્કી કરી શકશે. પાંડેસરા, સચિન કે પલસાણા જેવા વિસ્તારો પોતાની ભૌગોલિક અને સ્થાનિક જરૂરિયાત મુજબ અઠવાડિયાના કોઈ પણ બે દિવસ નક્કી કરી મિલો બંધ રાખશે.

પાંડેસરા ઇન્ડસ્ટ્રીયલ એસોસિએશનના પ્રમુખ કમલવિજય તુલસ્યાને જણાવ્યું હતું કે,અઠવાડિયે 2 દિવસ સુધી પ્રોસેસ હાઉસ બંધ રાખવાનો આ પ્રસ્તાવનો મુખ્ય હેતુ ઉત્પાદન ખર્ચમાં ઘટાડો કરવો,નુકશાનીમાં ઘટાડો કરવો, બજારમાં સપ્લાય અને ડિમાન્ડ વચ્ચે સંતુલન જાળવવું તથા ઉદ્યોગને લાંબા ગાળે સ્થિરતા પ્રદાન કરવનો છે.

આ બેઠકમાં SGTPAના પ્રમુખ જીતેન્દ્ર વખારીયા અને પાંડેસરા ઇન્ડસ્ટ્રીયલ એસોસિએશનના પ્રમુખ કમલવિજય તુલસ્યાન વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ઉદ્યોગ અગ્રણીઓ પ્રમોદ ચૌધરી, વિનય અગ્રવાલ, જે.પી. અગ્રવાલ, અનિલ રાઠી અને ચંદન પાલીવાલ સહિતના આગેવાનોએ હાજર રહી આ નિર્ણયને સમર્થન આપ્યું હતું. ટેક્સટાઇલ ઉદ્યોગ પર આવેલા આ સંકટને પહોંચી વળવા માટે એકતા દર્શાવવી અનિવાર્ય હોવાનું બેઠકમાં સૂર વ્યક્ત થયો હતો.

પાંડેસરા ઇન્ડસ્ટ્રીયલ એસોસિએશનના પ્રમુખ કમલવિજય તુલસ્યાને જણાવ્યું હતું કે,અઠવાડિયે 2 દિવસ સુધી પ્રોસેસ હાઉસ બંધ રાખવાનો આ પ્રસ્તાવનો મુખ્ય હેતુ ઉત્પાદન ખર્ચમાં ઘટાડો કરવો, બજારમાં સપ્લાય અને ડિમાન્ડ વચ્ચે સંતુલન જાળવવું તથા ઉદ્યોગને લાંબા ગાળે સ્થિરતા પ્રદાન કરવો છે.

# યુનિ.માં બે નવા એડહોક બોર્ડ ઓફ સ્ટડીઝને મંજૂરી

**NCAHP** માર્ગદર્શિકા મુજબ નવા અભ્યાસક્રમો શરૂ કરવા નિર્ણય, B.Sc. ના સ્થાને આધુનિક કોર્સ લાગુ થશે

સુરતઃ યુનિવર્સિટીની બોર્ડ ઓફ મેનેજમેન્ટની આજની મહત્વપૂર્ણ બેઠકમાં આરોગ્ય શિક્ષણ ક્ષેત્રે મોટો ફેરફાર લાવવા દિશામાં મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. બેઠકમાં બે નવા એડહોક બોર્ડ ઓફ સ્ટડીઝની રચના કરવા માટે સત્તાવાર મંજૂરી આપવામાં આવી છે.

મળતી માહિતી અનુસાર, નેશનલ કમિશન ફોર એલાઈડ એન્ડ હેલ્થકેર પ્રોફેશન્સ (NCAHP) દ્વારા તથા ગુજરાત સ્ટેટ એલાઈડ એન્ડ હેલ્થકેર કાઉન્સિલના પરિપત્રના માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં હાલ ચાલતા અભ્યાસક્રમોમાં ફેરફાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણય અનુસાર, હાલમાં ચાલતા B.Sc. મેડિકલ લેબોરેટરી ટેક્નોલોજી અભ્યાસક્રમને બદલે હવે બેચલર ઓફ મેડિકલ લેબોરેટરી સાયન્સ અભ્યાસક્રમ શરૂ કરવામાં આવશે. આ નવા અભ્યાસક્રમને અસરકારક રીતે અમલમાં મૂકવા માટે ફેકલ્ટી ઓફ મેડિસિન હેઠળ એડહોક બોર્ડ ઓફ સ્ટડીઝ- મેડિકલ લેબોરેટરી સાયન્સની રચના કરવામાં આવશે. તે જ રીતે, B.Sc. હોમ સાયન્સ (ફૂડ સાયન્સ એન્ડ ન્યૂટ્રિશન) અભ્યાસક્રમને બદલે બેચલર ઓફ ન્યૂટ્રિશન એન્ડ ડાયેટ્સ અભ્યાસક્રમ શરૂ કરવાની દિશામાં પણ પગલું ભરવામાં આવ્યું છે. આ માટે એડહોક બોર્ડ ઓફ સ્ટડિઝ- ન્યૂટ્રિશન એન્ડ ડાયેટ્સની રચનાને પણ મંજૂરી આપવામાં આવી છે.

યુનિવર્સિટી સત્તાવાળાઓ મુજબ, આ ફેરફારોનો મુખ્ય ઉદ્દેશ અભ્યાસક્રમોને રાષ્ટ્રીય ધોરણો મુજબ આધુનિક બનાવવાનો અને વિદ્યાર્થીઓને વધુ વ્યવસાયલક્ષી તથા પ્રાયોગિક શિક્ષણ ઉપલબ્ધ કરાવવાનો છે. નવા કોર્સ દ્વારા વિદ્યાર્થીઓને આરોગ્ય ક્ષેત્રે વધુ સારી કારકિર્દી તકો પ્રાપ્ત થવાની આશા વ્યક્ત કરવામાં આવી છે.

# બે દિવસ ગૃહ નહીં છોડવા ભાજપના MLAને આદેશ

**UCC** વિધેયક ૨૦૨૬-૫૨ ચર્ચા હાથ ધરાશે

ગાંધીનગર : આવતીકાલ તા.24 અને 25મી માર્ચ દરમ્યાન ગુજરાત વિધાનસભામાં મહત્વના વિધેયકો પર ચર્ચા કરીને પસાર કરવામાં આવનાર હોવાથી ભાજપના ધારાસભ્યોને વિધાનસભા ગૃહ નહીં છોડવા આદેશ કરાયો છે. વિધેયક પર ચર્ચા બાદ તેના મતદાન થવાનું હોવાથી આદેશ ભાજપ વિધાનસભા પક્ષના દંડક બાલકૃષ્ણ શુક્લે લેખિતમાં આ આદેશ બહાર પાડ્યો છે.

આવતીકાલે ગૃહમાં રાજ્ય સરકાર દ્વારા "ગુજરાત સમાન નાગરિક સંહિતા વિધેયક, ૨૦૨૬" ચર્ચા પર હાથ પર લેવાશે. જે રાજ્યમાં લગ્ન, છૂટાછેડા, વારસાગત હક અને લિવ-ઈન રિલેશનશિપ જેવા વ્યક્તિગત મુદ્દાઓને એકસરખા કાયદા હેઠળ લાવવાનો મહત્વપૂર્ણ પ્રયાસ માનવામાં આવી રહ્યો છે.તા.25મી માર્ચના રોજ અશાંત ધારો અને ગુજસીટોકની વ્યાખ્યામાં મહત્વના ફેરફાર અંગે ચર્ચા થશે.

આ વિધેયકનો મુખ્ય હેતુ વિવિધ ધર્મ અને પરંપરાઓ અનુસાર ચાલતા જુદા-જુદા વ્યક્તિગત કાયદાઓને એકરૂપ બનાવી કાનૂની સ્પષ્ટતા, પારદર્શિતા અને સામાજિક સમાનતા સ્થાપિત કરવાનો છે. વિધેયક સમગ્ર ગુજરાત રાજ્યમાં લાગુ પડશે અને રાજ્ય બહાર વસતા ગુજરાતીઓ પર પણ તેની અસર રહેશે. જોકે અનુસૂચિત આદિજાતિ તથા સંવિધાન હેઠળ સંરક્ષિત કેટલાક સમુદાયો માટે આ કાયદો લાગુ નહીં પડે તેવી જોગવાઈ કરવામાં આવી છે. વિધેયકમાં લગ્ન અને છૂટાછેડા સંબંધિત સ્પષ્ટ નિયમો ઘડવામાં આવ્યા છે, જેમાં માન્ય લગ્ન માટેની શરતો, લગ્ન અને છૂટાછેડાની ફરજિયાત નોંધણી, પરસ્પર સંમતિથી છૂટાછેડાની જોગવાઈ સહિત ભરણપોષણ, સંતાનોની કસ્ટડી અને મિલકત વહેંચણીના મુદ્દાઓને પણ આવરી લેવામાં આવ્યા છે.

વારસાગત હકો અંગે પણ આ વિધેયકમાં વિશદ જોગવાઈઓ કરવામાં આવી છે. બિન-વસિયત વ્યવસ્થા, વારસદારો વચ્ચે મિલકત વહેંચણીના નિયમો, ગર્ભસ્થ બાળકના અધિકારો અને વસિયત બનાવવાની પ્રક્રિયા જેવા મુદ્દાઓને સ્પષ્ટતા આપવામાં આવી છે.

ખાસ નોંધપાત્ર બાબત તરીકે લિવ-ઇન રિલેશનશિપને પણ કાયદાકીય માન્યતા આપતી જોગવાઈઓ કરવામાં આવી છે. આવા સંબંધોની નોંધણી માટે પ્રક્રિયા નક્કી કરવામાં આવી છે તેમજ આવા સંબંધોમાંથી જન્મેલા બાળકોના હકોને સુરક્ષા આપવામાં આવી છે. સાથે જ સંબંધ સમાપ્ત કરવાની પ્રક્રિયા અને ભરણપોષણ અંગેના નિયમો પણ સામેલ કરવામાં આવ્યા છે. વિધેયકમાં અપીલ, અમલ અને નિયમો ઘડવાની સત્તા રાજ્ય સરકારને આપવામાં આવી છે.

## સુરત જિલ્લાના પાંચ એસટી ડેપોના પંપ પરથી રોજ ૩૮ હજાર લિટર ડીઝલનો ઉપાડ

સુરતઃ સુરત એસટી વિભાગ પાસે પૂરતો ડીઝલનો જથ્થો અને આઈઓસી તરફથી નિયમિત સપ્લાય હોવાનું સુરત એસટી વિભાગના નિયામક પંકજ ગુજ્જરે જણાવ્યું હતું. વધુમાં પ્રાપ્ત માહિતી અનુસાર સુરત ડિવિઝનમાં ઉધના, ઓલપાડ, માંડવી, બારડોલી, સોનગઢ ડેપોમાં પંપ દ્વારા એસટી બસોને ડીઝલ પૂરું પાડવામાં આવે છે. આ તમામ ડેપોના પંપો પરથી અંદાજે રોજની ૩૮૦૦૦ લિટર ડીઝલની ખપત છે. દરરોજ ૪૦૦થી ૪૫૦ એસટી બસો આ તમામ પંપો પરથી ડીઝલ પુરાવે છે. જરૂરિયાત મુજબ દર ત્રીજા દિવસે આઈઓસી તરફથી ૬ જેટલાં ટેન્કરની ડિમાન્ડ પૂરી કરવામાં આવે છે. હાલ આઈઓસી તરફથી એસટી વિભાગને ડીઝલના સપ્લાયમાં કોઈ કાપ મૂકવામાં આવ્યો ન હોવાનું સુરત એસટી વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે.

**વિધાનસભામાં સરકારની ચોંકાવનારી કબૂલાત**

## તાપી જિલ્લાનાં અનેક ગામોમાં 60 વર્ષથી ગોચર પર દબાણ

**ચોર્યાસી** તાલુકાના હજીરા અને મલગામામાં 4 વર્ષથી દબાણ

**માંગરોળ** અને અરેઠ તાલુકામાં 12થી 25 વર્ષ જૂના દબાણ દૂર કરાયા નથી

ગાંધીનગર : સુરત અને તાપી જિલ્લાઓમાં ગૌચર (ચરોતર) જમીનો પર લાંબા સમયથી દબાણ ચાલુ હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. રાજ્ય સરકારે સ્વીકાર્યું છે કે અનેક ગામોમાં વર્ષોથી આ સમસ્યા યથાવત્ છે. સરકારે રજૂ કરેલી વિગતો પ્રમાણે તા. 31 ડિસેમ્બર 2025ની સ્થિતિએ બંને જિલ્લાઓમાં અનેક તાલુકાઓના ગામોમાં ગૌચર જમીનો પર દબાણ નોંધાયા છે. સુરત જિલ્લામાં ચોર્યાસી તાલુકાના હજીરા અને મલગામામાં અનુક્રમે 49 અને 127 દબાણ છેલ્લા 4 વર્ષથી ચાલુ છે. કામરેજ તાલુકામાં 11 વર્ષ જૂના દબાણો નોંધાયા છે, જ્યારે માંગરોળ અને અરેઠ તાલુકામાં તો 12 વર્ષથી લઈને 25 વર્ષ સુધીના દબાણો જોવા મળ્યા છે. બીજી તરફ, તાપી જિલ્લામાં સ્થિતિ વધુ ચિંતાજનક છે. વ્યારા તાલુકાના અનેક ગામોમાં 40થી 60 વર્ષથી ગૌચર જમીન પર દબાણ યથાવત્ છે. ઈન્દુ, જસિંગપુરા અને ડોલારા જેવા ગામોમાં દાયકાઓ જૂના દબાણો હજુ સુધી દૂર થયા નથી. કેટલીક જગ્યાએ 50 વર્ષથી વધુ સમયથી ગેરકાયદે કબજો ચાલુ હોવાની નોંધ લેવાઈ છે. સોનગઢ અને વાલોડ તાલુકામાં પણ દબાણના કિસ્સાઓ સામે આવ્યા છે. આ આંકડાઓ દર્શાવે છે કે ગૌચર જમીનોના સંરક્ષણ અને ગેરકાયદે કબજાઓ દૂર કરવા માટે તંત્રની કામગીરી પર પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે.

**આદિવાસી ક્રાંતિવીરો અને દેશના શહીદોને નમન કરી તેમની શહાદતને યાદ કરી**

## આદિવાસીઓ ભારતના અસલી માલિક રાહુલ ગાંધીએ વડોદરામાં સભા સંબોધી

(પ્રતિનિધિ) વડોદરા, તા.23

વડોદરા એરપોર્ટ પર રાહુલ ગાંધીનું આગમન થતા જ 'જય સંવિધાન' અને 'કોંગ્રેસ ઝિંદાબાદ'ના નારાથી આખું પરિસર ગુંજી ઉઠ્યું હતું. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ અને વિધાનસભા પક્ષના નેતા અમિત ચાવડા દ્વારા તેમનું પુષ્પગુચ્છ અને સૂતરની આંટી પહેરાવી ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. એરપોર્ટની બહાર કાર્યકરો ઉમટી પડ્યા હતા, જેમને જોઈને રાહુલ ગાંધીએ પણ અભિવાદન ઝીલ્યું હતું. તેમણે આદિવાસી પરંપરા મુજબનું તીર-કામઠું ધારણ કર્યું હતું અને પરંપરાગત વસ્ત્રો સજ્જ કર્યા હતા. આદિવાસી સમાજના આગેવાનોએ તેમનું પાઘડી પહેરાવીને સન્માન કર્યું હતું.




આ તકે રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, આદિવાસી સંસ્કૃતિ એ ભારતની ઓળખ છે અને તેનું રક્ષણ કરવું એ આપણી પવિત્ર ફરજ છે. તેમના ભાષણના મુખ્ય અંશો, તેમણે ભારપૂર્વક કહ્યું કે આદિવાસીઓ આ દેશના 'વનવાસી' નહીં પણ 'આદિવાસી' એટલે કે અસલી માલિકો છે. આદિવાસીઓના જળ, જમીન અને જંગલના અધિકારો છીનવવામાં આવી રહ્યા હોવાનો આક્ષેપ કરી તેમણે સંવિધાન બચાવવાની હાકલ કરી હતી. સંબોધનની શરૂઆતમાં તેમણે આદિવાસી ક્રાંતિવીરો અને દેશના શહીદોને નમન કરી તેમની શહાદતને યાદ કરી હતી. આ સંમેલનમાં વડોદરા સહિત મધ્ય અને દક્ષિણ ગુજરાતના આદિવાસી પટ્ટામાંથી લોકો ઉપસ્થિત રહ્યાં હતા. રાહુલ ગાંધીએ આગામી ચૂંટણીઓ માટે કાર્યકરોને ગામડે-ગામડે જઈને સંવિધાનનો સંદેશ પહોંચાડવા આહવાન કર્યું હતું.

આ કાર્યક્રમમાં બીજેપીના પૂર્વ કોર્પોરેટર આશિષ જોષી, પારૂલ પટેલ, ભાયલીના પૂર્વ સરપંચ દર્પણ પટેલ, ટીના પટેલ અને મધુ શ્રીવાસ્તવની દીકરી દીપા શ્રીવાસ્તવ અને મહેન્દ્રસિંહ રાઠોડ કોંગ્રેસમાં જોડાયા હતા.

## 22 વર્ષથી રાજ્યમાં એકપણ ઓવરડ્રાફ્ટ નહીં : નાણામંત્રી

**ગુજરાત** વિધાનસભામાં નાણાં વિભાગની માંગણીઓ પસાર કરાઈ

ગાંધીનગર : ગુજરાતે નાણાકીય વ્યવસ્થાપનમાં ફરી એકવાર દેશ માટે ઉદાહરણ પૂરું પાડ્યું છે. રાજ્યના નાણા મંત્રી કનુભાઈ દેસાઈએ વિધાનસભામાં નાણા વિભાગની અંદાજપત્રીય માંગણીઓ પર થયેલી ચર્ચામાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે છેલ્લા 22 નાણાકીય વર્ષથી એકપણ ઓવરડ્રાફ્ટ લીધો નથી અને છેલ્લા 21 વર્ષથી કોઈ સાધનોપાય પેશગી પણ લીધી નથી. આ સિદ્ધિ રાજ્યની કડક નાણાકીય શિસ્ત અને સુવ્યવસ્થિત નાણાકીય સંચાલનની સાક્ષી આપે છે.

દેસાઈએ વધુમાં કહયું હતું કે અંદાજપત્ર રાજ્યના સર્વાંગી અને સંતુલિત વિકાસને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યું છે. રાજ્યે વર્ષ 2024-25માં મહેસૂલી ખાધના 'શૂન્ય'ના લક્ષ્યાંક સામે 18,943 કરોડની મહેસૂલી પુરાંત હાંસલ કરી છે, જ્યારે વર્ષ 2026-27માં આ પુરાંત વધીને 25,587 કરોડ થવાનો અંદાજ છે. રાજ્યની રાજવિત્તીય ખાધ GSDPના માત્ર 1.97 ટકા સુધી મર્યાદિત રાખવામાં આવી છે, જે નક્કી મર્યાદા કરતાં ઘણી ઓછી છે.

રાજ્યના દેવા અંગે માહિતી આપતા નાણાં મંત્રીએ જણાવ્યું હતું કે ગુજરાતનું કુલ દેવું GSDPના માત્ર 13.87 ટકા (2024-25) જેટલું છે, જે વર્ષ 2026-27માં 14.65 ટકા રહેવાનો અંદાજ છે, જ્યારે નિર્ધારિત મર્યાદા 27.10 ટકા છે.

રાજ્યએ દેવાની ચૂકવણીમાં ક્યારેય ચૂક કરી નથી અને અસરકારક સંચાલનના કારણે દેવાનું પ્રમાણ નિયંત્રણમાં રાખવામાં સફળતા મળી છે. જીએસટી અમલીકરણ બાદ ગુજરાતે કરવેરા ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ નોંધાવી છે.

**અનુસંધાન** ... પાના છેલ્લાનું

### ગેસ પછી...

અફવા ફેલાઈ હતી. તેમણે વધુમાં જણાવ્યું કે કલેક્ટરને રજૂઆત કર્યા બાદ શનિવારે નોંધાવાયેલા પેટ્રોલ-ડીઝલની ડિલિવરી BPCL અને HPCL એ સોમવારે સાંજે આપી હતી. બંને કંપનીઓ પાસે પૂરતો સ્ટોક હોવા છતાં ડેપો સમય પહેલા બંધ થવાથી ડિલિવરીમાં વિલંબ સર્જાયો હતો.સુરેશ દેસાઈએ કહ્યું કે અગાઉ દિવાળી જેવા પર્વો દરમિયાન અને રવિવારે પણ ડેપો મોડા સુધી ચાલુ રહેતા હતા, પરંતુ હાલની યુદ્ધની આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સાંજે 5 વાગ્યે જ ડેપો બંધ કરવામાં આવે છે.

લોકોમાં ચર્ચા એવી પણ ચાલી રહી છે કે કેશ ઓન બુકિંગ હોવા છતાં ડિલિવરી બીજા દિવસે આપવામાં આવે છે, જેથી વધેલા ક્રૂડ ઓઈલના ભાવ મુજબ વસૂલાત કરી શકાય.

તેમણે સ્પષ્ટતા કરી કે IOC, BPCL, HPCL, Jio-BP અને નાયરા તમામ કંપનીઓ પાસે પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે અને હાલની સમસ્યા માત્ર ડિલિવરીમાં વિલંબને કારણે ઊભી થઈ છે.

વહીવટી તંત્ર અને પેટ્રોલ પંપ સંચાલકોએ પણ નાગરિકોને અપીલ કરી છે કે તેઓ સોશિયલ મીડિયા પર ફેલાતી અફવાઓથી દૂર રહે અને ગભરાટમાં આવીને બિનજરૂરી લાઈનો ન લગાવે. શહેરમાં પેટ્રોલ-ડીઝલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને કોઈપણ પ્રકારની અછત નથી.

### હીરાબાગમાં અરાજકતા...

અફવાને કારણે લોકો મોટી સંખ્યામાં પંપ પર ઉમટી પડ્યા હતા. અડધો કલાકથી વધુ સમય સુધી લોકો લાઈનમાં ઉભા રહીને પેટ્રોલ ભરાવતા જોવા મળ્યા હતા.

### કાપોદ્રામાં પોલીસ...

એટલી હદે વણસી હતી કે સંચાલકોએ તાત્કાલિક પોલીસની મદદ લેવી પડી હતી. લોકોના ટોળેટોળા ઉમટી પડતા વ્યવસ્થા જાળવવી મુશ્કેલ બની હતી. પેટ્રોલ પંપના માલિક અને પોલીસ અધિકારીઓએ લાઉડસ્પીકર લગાવીને લોકોને શાંતિ જાળવવા વિનંતી કરી હતી. વહીવટી તંત્ર અને પંપ માલિકોએ સ્પષ્ટતા કરી છે કે, શહેરમાં પેટ્રોલનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે અને અછતની વાતો માત્ર પાયાવિહોણી અફવા છે.

### ચીટર પ્રદીપે...

ટેલિગ્રામના માધ્યમથી અન્ય સાગરીતો સાથે સંપર્કમાં રહી ચાઇનાથી કરન્સી પેપરની ડીલેવરી અન્યના નામે મેળવતો હતો.

મળતી માહિતી મુજબ આ સમગ્ર કૌભાંડનો મુખ્ય સૂત્રધાર મુકેશ ઠુમ્મર હોવાનું સામે આવ્યું છે. આ ગેંગ દ્વારા અગાઉ લગભગ પાંચ લાખથી વધુની નકલી નોટો છાપી બજારમાં ફરતી કરી હોવાની હકીકત બહાર આવી છે. નકલી નોટ છાપવા માટે ચીનથી ખાસ પેપર મંગાવવામાં આવતા હતા અને તેના માટે પ્રદીપ જોટાગીયાએ ચીનની મુલાકાત લીધી હોવાનો પણ ખુલાસો પણ થયો છે.

બીજી તરફ સુરતના કામરેજ નજીક ધોરણ પારડી ખાતે આવેલો આશ્રમ યોગગુરૂ પ્રદિપ સાથે સંકળાયેલો છે, અને સ્થાનિક લોકોનો એવો પણ આક્ષેપ છે કે, આ આશ્રમમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પણ ચાલે છે. જેને પગલે ગ્રામજનોએ પણ આ આશ્રમ સામે કડક કાર્યવાહી કરવાની માંગણી સાથે જો આશ્રમ ગેરકાયદેસર રીતે ઉભો થયો હોય તો તેની સામે પણ કાર્યવાહી કરવા માંગણી ઊભી થઈ છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા હાલમાં બનાવટી ચલણી નોટ અંગે તપાસ હાથ ધરવામાં આવી રહી છે. બીજી તરફ આશ્રમ અને બનાવટી ચલણી નોટ વચ્ચે કોઈ સંબંધો છે કે કેમ તે દિશામાં પણ તપાસ કરવામાં આવી રહી છે આવનાર દિવસોમાં આ મામલે હજુ મોટા ખુલાસા થવાની સંભાવના જણાય છે.

### 1990-91ના 'ગુજરાતમિત્ર'...

મહિનામાં જ યુદ્ધ પણ શરૂ થયું. (જુઓ ગુજરાતમિત્રના તે સમયના કટિંગ્સ)

**ખાડી યુદ્ધઃ** સદ્દામ હુસૈને કુવૈત પર કબજો કર્યો અને તેલના કુવા સળગ્યા. પરિણામે ભારત જેવો દેશ જે 90% તેલ આયાત કરતો હતો, તેની કમર તૂટી ગઈ. તે વખતે મુખ્ય સમસ્યા ક્રુડની હતી, આ વખતે ગેસની વધુ છે. ખાડી યુદ્ધ વખતે પણ સાંજે પેટ્રોલ પંપો વહેલા બંધ કરી દેવાતા હતા. તે વખતે રૂપિયાનું બે વાર અવમૂલ્યન કરાયું.

**૨૦૨૬: મજબૂત ભારત પણ ઊર્જાનું નવું સંકટ**

આજે 2026માં ઈરાન યુદ્ધને લીધે સ્થિતિ એવી જ છે. આજે રૂપિયો સતત તૂટી રહ્યો છે. દેશમાં ગેસનું સંકટ તો છે જ. જો કે સારી વાત એ છે કે આજે ભારત પાસે સોનું ગીરો મૂકવાની નોબત નથી, પણ અબજો ડોલરનું વિદેશી હૂંડિયામણ છે. 1991માં આપણી પાસે તેલનો સ્ટોક નહોતો, આજે આપણી પાસે જમીનની અંદર મોટા ભંડાર છે.

જો કે પગલાં સરખા જ છે. સંસદમાં પીએમ મોદીએ દેશવાસીઓને કોવિડનો મુકાબલો કર્યો એમ એકજૂથ થવા કહ્યું. આંતરરાષ્ટ્રીય એનર્જી એજન્સી (IEA)એ ક્રુડનો વપરાશ ઘટાડવા વિશ્વભરના દેશો માટે 10 સૂચનો આપ્યા છે તે પણ કોવિડની સાથે સાથે 1991ની યાદ અપાવે છે:

## AI મારફતે હિન્દુ નામનું આધારકાર્ડ બનાવી આપ્યું

**વિદ્યાર્થિની** પર દુષ્કર્મના કેસમાં આરોપીના ભાઇ સહિત પાંચ ઝડપાયા

**પોલીસે પકડેલા આરોપીઓની યાદી**

(1) મોહમ્મદ સાજીદ ઉર્ફે અહદ મોહમ્મદ જાવેદ મોહમ્મદ યાસીન પઠાણ (રહે. હાલ - ક્રિષ્ના નગર સોસાયટી, ઇચ્છાપોર બસ સ્ટેશન નંબર-03 પાસે, ઇચ્છાપોર, મૂળ, જિ.નાલંદા, બિહાર.) (2)મોહમ્મદ તાબીશ મોહમ્મદ જાવેદ પઠાણ ( રહે. હાલ - પ્લોટ નં.૫૮૦, સુધીર રાઘવના મકાનમાં, ક્રિષ્નાનગર સોસાયટી, ઇચ્છાપોર, મૂળ જિ.નાલંદા, બિહાર.) (3)જામીરાજા શમશુલ શેખ( રહે. હાલ - ઘર નં.૨૫૭, ક્રિષ્નાનગર સોસાયટી, ઇચ્છાપોર મૂળ જિ.ભાગલપુર, બિહાર.) (4)મોહમ્મદ ખુરશીદ ઉર્ફે શુશીલ મોહમ્મદ રસીદ રાયન (રહે. હાલ, ક્રિષ્નાનગર સોસાયટી, મહાદેવ મંદિરની બાજુમાં, ઇચ્છાપોર બસ સ્ટેન્ડ નં.-03 પાસે, ઇચ્છાપોર, મૂળ જિ.ભોજપુર, બિહાર.) (5) અભયકુમાર પ્રદિપ શર્મા ( રહે. હાલ. ઇચ્છાપોર બસ સ્ટોપ નં.03 પાસે, મીલન ડેરીની ઉપર ભાડેથી, ઇચ્છાપોર, મૂળ જિ.સીવાન, બિહાર.)

સુરતઃ ઈચ્છાપોરમાં ધોરણ 12ની વિદ્યાર્થીનીને સોશિયલ મીડિયાના માધ્યમથી પ્રેમજાળમાં ફસાવી, તેની સાથે અવાર-નવાર દુષ્કર્મ ગુજારી ભાગી છૂટેલા વિધર્મી નરાધમને ઈચ્છાપોર પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યો હતો.વિધર્મીને કોર્ટમાં રજૂ કરી એક દિવસના રિમાન્ડ મેળવ્યા છે.રિમાન્ડ દરમિયાન પોલીસ તપાસમાં ચોંકાવનારી વિગતો બહાર આવી છે કે, આરોપીને ભગાડવા અને ગુનામાં મદદગારી કરવામાં તેનો સગો ભાઈ સહિત કુલ પાંચ શખ્સો સામેલ હતા, જેથી તમામની પોલીસે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઘટનાની વિગતો મુજબ, ઈચ્છાપોર વિસ્તારમાં રહેતી મુળ યુપીની ધોરણ 12માં અભ્યાસ કરતી 16 વર્ષીય કિશોરીને વિધર્મી મોહમ્મદ સાજીદ ઉર્ફે અહદ પઠાણ (રહે. ક્રિષ્નાનગર સોસાયટી, ઈચ્છાપોર) એ સોશિયલ મીડિયા દ્વારા લલચાવી-ફોસલાવી પોતાની જાળમાં ફસાવી હતી. આરોપીએ સગીરાને હોટલમાં લઈ જઈ તેની સાથે શરીર સંબંધ બાંધ્યો હતો. આ બાબતની જાણ સગીરાના વાલીઓને થતા તેઓએ ઈચ્છાપોર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

**અનુસંધાન** ... પાના પહેલાનું

### ટ્રમ્પનો યુ-ટર્નઃ...

જાહેરાતમાં, ટ્રમ્પે યુદ્ધના ઉકેલની શક્યતા પણ વ્યક્ત કરી હતી. ટ્રમ્પે કહ્યું હતું કે ઈરાન સાથે ફળદાયી મંત્રણા પછી આ નિર્ણય આવ્યો છે. જો કે ઈરાની અધિકારીઓએ કોઈ પણ પ્રકારની વાતચીત ચાલી રહી હોવાનો ઈનકાર કર્યો હતો. ટ્રમ્પનો આ યુટર્ન એક પ્રકારની રાહત સમાન માનવામાં આવે છે, કારણ કે અગાઉ અમેરિકા અને ઈરાને એકબીજાને આપેલી ધમકીઓથી સમગ્ર ક્ષેત્રના નાગરિકો પર ગંભીર સંકટ આવવાની ભીતિ હતી. સમયમર્યાદા પૂરી થવાના થોડા કલાકો પહેલાં જ ટ્રમ્પની સોશિયલ મીડિયા જાહેરાત બાદ, ઈરાની સરકારી ટેલિવિઝને જાહેર કર્યું કે ઈરાનની મક્કમ ચેતવણી બાદ અમેરિકી નેતા પાછળ હટી ગયા છે.

ચોથા સપ્તાહમાં પ્રવેશેલા આ યુદ્ધમાં અત્યાર સુધી અનેક નાટ્યાત્મક વળાંકો જોવા મળ્યા છે - જેમાં ઈરાનના સર્વોચ્ચ નેતાની હત્યા, ઈરાનના મુખ્ય ગેસ ફિલ્ડ પર બોમ્બમારો, અને અખાતી આરબ દેશોમાં તેલ-ગેસની સુવિધાઓ તેમજ અન્ય નાગરિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવીને કરવામાં આવેલા હુમલાઓ સામેલ છે. આ સંઘર્ષમાં અત્યાર સુધી 2,000 થી વધુ લોકો માર્યા ગયા છે, વૈશ્વિક અર્થતંત્ર હચમચી ગયું છે, તેલના ભાવમાં ઉછાળો આવ્યો છે અને વિશ્વના સૌથી વ્યસ્ત હવાઈ માર્ગો જોખમમાં મુકાયા છે.

**ટ્રમ્પે ૪૮ કલાકની ડેડલાઇન જાહેર કરી હતી, ઇરાને વળતી ધમકી આપી હતી**

ટ્રમ્પે સપ્તાહના અંતે જણાવ્યું હતું કે જો ઈરાન 48 કલાકની અંદર હોર્મુઝની સામુદ્રધુની પરથી તેની પકડ હળવી નહીં કરે, તો અમેરિકા તેના પાવર પ્લાન્ટ્સને 'નેસ્તનાબૂદ' કરી દેશે. આ સમયમર્યાદા સોમવારે મોડી રાત્રે પૂર્ણ થવાની હતી. બીજી બાજુ, ટ્રમ્પની ધમકી સામે ઈરાને વળતી ધમકી ઉચ્ચારતા કહ્યું હતું કે જો ઈરાનના પાવર પ્લાન્ટ્સ પર હુમલો કરવામાં આવશે તો અખાતી પ્રદેશમાં અમેરિકી થાણાઓને વીજ પુરવઠો પુરો પાડતા પ્લાન્ટ્સ પર હુમલા કરવામાં આવશે. આ ઉપરાંત અમેરિકનોનો જેમાં હિસ્સો છે તેવા આર્થિક, ઔદ્યોગિક અને ઉર્જા માળખાઓને પણ નિશાન બનાવવામાં આવશે.

**ટ્રમ્પના નિવેદનથી ઇઝરાયેલને આંચકો**

અહેવાલો અનુસાર, આજે સવારે ઈરાન પર ડોનાલ્ડ ટ્રમ્પની ટિપ્પણીથી ઈઝરાયેલી અધિકારીઓ હતપ્રભ થઈ ગયા છે. એક્સિયોસ આઉટલેટ અહેવાલ આપી રહ્યું છે કે, અમેરિકા-ઈરાન વચ્ચેના તણાવને ઓછો કરવાના પ્રયાસમાં અનેક દેશો વચ્ચે મધ્યસ્થતાની વાતચીત ચાલી રહી છે તે અંગે ઈઝરાયેલ વાકેફ હતું. પરંતુ એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, ટ્રમ્પના એ શબ્દોથી ઈઝરાયેલ 'આશ્ચર્યચકિત' થયું હતું કે ઉઠાવવામાં આવેલા લગભગ તમામ મુદ્દાઓ પર 'સહમતિ' છે.

### ક્રૂડ ઓઈલના...

પાછળ વૈશ્વિક બજારોમાં ખૂબજ ઝડપી રીકવરી જોવા મળી હતી, તેની પોઝિટિવ અસર ક્રુડમાં પણ જોવા મળી હતી. આ અહેવાલની સાથે જ ક્રુડના ભાવમાં 16 ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. અને બ્રેન્ટ ક્રુડ 100 ડોલરની નીચે સરકી ગયો છે.

કાચા તેલની કિંમતોમાં આજે 16 ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું કેહવું છે કે, ઈરાનના પાવર પ્લાન્ટ પર હુમલો કરવાનું ટાળ્યું છે, જેની પાછળ કાચા તેલના ભાવોમાં ઝડપી ઘટાડો જોવા મળ્યો છે. બ્રેન્ટ ક્રુડ 16 ટકા તૂટીને 92 ડોલર પ્રતિ બેરલના નીચલા સ્તર સુધી પહોંચી ગયો છે. જ્યારે ડબલ્યુટીઆઇ 13 ડોલર એટલે કે 13.5 ટકા ઘટીને 85.28 ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી ગયો છે. જોકે પાછળથી થોડીક રીકવરી જોવા મળી હતી. રાત્રે બ્રેન્ટ ક્રૂડનો ભાવ ૯૮ ડોલર પ્રતિ બેરલ ચાલી રહ્યો હતો. જો કે, ગોલ્ડમેન સાક્સનું માનવું છે કે, હોર્મુઝ સ્ટ્રીટ પર તેલની સપ્લાયને લઈને જોખમ હજુય છે. જેઓએ માર્ચ અને એપ્રિલ માટે બ્રેન્ટ ક્રુડનો ભાવ 110 ડોલર પ્રતિ બેરલ અનુમાન લગાવ્યું છે. આ પહેલા 98 ડોલર પ્રતિ બેરલ અનુમાન લગાવ્યું હતું. જ્યારે ડબલ્યુટીઆઇ માર્ચ માટે 98 ડોલર અને એપ્રિલ માટે 105 ડોલરનું અનુમાન લગાવ્યું છે.

### હે ટ્રમ્પ યુ...

હશો. આ બાબતે ધ્યાન આપવા બદલ તમારો આભાર. આ છેલ્લું વાક્ય પણ ટ્રમ્પ તેમની સોશ્યલ મીડિયા પોસ્ટોમાં મૂકતા હોય છે. નોંધનીય છે કે, ટ્રમ્પ રાજકારણમાં આવ્યા તે પહેલાં અમેરિકન ટીવી શો 'ધ એપ્રેન્ટિસ'માં કામ કરતા હતા, જ્યાં તેઓ લોકોને યુ આર ફાયર્ડ (તમારી હકાલપટ્ટી કરવામાં આવે છે) કહેવા માટે ખૂબ જ જાણીતા બન્યા હતા.

### ગુજરાતમાં પેટ્રોલ...

વાહનોને ધક્કા મારીને પંપ સુધી લઈ જવા મજબૂર બન્યા હતા.

પેટ્રોલ ગેસની અફવાને પગલે અગાઉ લોકો 100 થી 300 રૂપિયાનું પેટ્રોલ ભરાવતા હતા, જ્યારે હવે ગભરાટના કારણે મોટાભાગના લોકો ટાંકી ફૂલ કરાવી રહ્યા છે. જેના કારણે પેટ્રોલ પંપ પર પેટ્રોલ ખાલી થઈ જતાં 'નો સ્ટોક'ના બોર્ડ લાગી ગયા છે. આ ઉપરાંત ઘણા પંપો પર માત્ર પ્રીમિયમ અથવા પાવર પેટ્રોલ જ ઉપલબ્ધ હોવાથી લોકો મોંઘા ઈંધણ માટે પણ લાંબી લાઈનોમાં ઊભા રહેવા મજબૂર બન્યા છે. કેટલાક વિસ્તારોમાં પંપ બંધ હોવાના કારણે લોકો એક પંપથી બીજા પંપે ભટકતા જોવા મળી રહ્યા છે.

અફવાઓને અફરાતફરીની સ્થિતિને જોતા તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે ઈંધણની કોઈ કાયમી અછત નથી, માત્ર સપ્લાયમાં થોડો વિલંબ થઈ શકે છે. સાથે જ લોકોને અફવાઓ પર વિશ્વાસ ન કરવા અને જરૂરી એટલું જ ઈંધણ લેવા અપીલ કરવામાં આવી છે. હાલની પરિસ્થિતિમાં ગરમી વચ્ચે પેટ્રોલ માટે ભટકવું લોકો માટે મોટો પડકાર બની ગયો છે અને શહેરોમાં અફરાતફરીનો માહોલ સર્જાયો છે.

### મધ્ય પૂર્વનું...

ઈન્ડેક્સમાં પણ 3.5%થી વધુનો ઘટાડો જોવા મળ્યો હતો. બજારના તમામ સેક્ટર રેડ ઝોનમાં બંધ રહ્યા હતા, જેમાં કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ (4.91%), મેટલ, રિયલ્ટી અને પબ્લિક સેક્ટર બેંકોમાં સૌથી વધુ વેચવાલી જોવા મળી હતી. BSE પર ટ્રેડ થયેલા શેરોમાં 3,798 શેરો ઘટ્યા હતા, જ્યારે માત્ર 635 વધ્યા હતા. નિષ્ણાતોના મતે, આંતરરાષ્ટ્રીય સ્તરે વધતું ભૌગોલિક તણાવ, ક્રૂડ ઓઈલના વધતા ભાવ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઈઆઈ) દ્વારા કરવામાં આવતી સતત વેચવાલી બજારને નીચે ધકેલી રહી છે.

### ટ્રમ્પનો નવો...

તેમણે સ્પષ્ટ કર્યું કે અમેરિકાએ સર્વોચ્ચ નેતા મોજતબા ખામેની સાથે વાત કરી નથી.

ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે એ ઈરાની નેતાનું નામ આપવાનો ઈનકાર કર્યો હતો જેમના સાથે અમેરિકા ત્રણ અઠવાડિયા જૂના યુદ્ધને સમાપ્ત કરવા માટે વાતચીત કરી રહ્યું છે. તેમણે દાવો કર્યો હતો કે મધ્યસ્થી કરનાર વ્યક્તિ એ દેશના ટોચના વ્યક્તિ છે જેઓ ત્યાં સૌથી વધુ સન્માનિત છે. ફ્લોરિડાના પામ બીચ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે સ્પષ્ટ કર્યું હતું કે અમેરિકા બીજા સુપ્રીમ લીડર સાથે વાતચીત કરી રહ્યું નથી, જે અલી ખામેનીના પુત્ર મોજતબા ખામેની તરફનો ઈશારો હતો.

પોતાના માર-એ-લાગો રિસોર્ટમાં વીકએન્ડ વિતાવ્યા બાદ મેમ્ફિસ જવા રવાના થતા ટ્રમ્પે કહ્યું, એક ટોચના વ્યક્તિ... અમે એવી વ્યક્તિ સાથે વાત કરી રહ્યા છીએ જે મારા મતે સૌથી વધુ સન્માનિત અને નેતા છે. તેમણે મોજતબા ખામેનીનો ઉલ્લેખ કરતા કહ્યું, અમે પુત્ર તરફથી કંઈ સાંભળ્યું નથી. જો કે કેટલાક ઇઝરાયેલી અધિકારીઓને ટાંકીને ઇઝરાયેલી મીડિયાએ અહેવાલ આપ્યા હતા કે જેરેડ કુશ્નર સહિતના મંત્રણાકારો ઈરાનની સંસદના સ્પીકર મોહમ્મદ બાગીર કાલીબાફ સાથે મંત્રણા કરી રહ્યા છે.

જો કે 'એક્સિઓસ' ન્યૂઝ વેબસાઈટે એક અમેરિકી સ્ત્રોતને ટાંકીને જણાવ્યું હતું કે તુર્કી, ઈજિપ્ત અને પાકિસ્તાન છેલ્લા બે દિવસથી અમેરિકા અને ઈરાન વચ્ચે સંદેશાઓની આપ-લે કરી રહ્યા છે.

અમેરિકી સ્ત્રોતે એક્સિઓસને જણાવ્યું કે આ ત્રણેય દેશોના વિદેશ મંત્રીઓએ વ્હાઈટ હાઉસના દૂત સ્ટીવ વિટકોફ અને ઈરાની વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી સાથે અલગ-અલગ વાતચીત કરી હતી.

### ઇરાની સ્પીકરનો...

તેલ બજારમાં ઉથાપટક કરવા માટે તથા અમેરિકા અને ઇઝરાયેલ જે કળણમાં ફસાયેલા છે તેમાંથી બહાર નીકળવા માટે 'ફેક ન્યૂઝ'નો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. સોમવારે તેમની આ પોસ્ટ અમેરિકી અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના તે નિવેદન બાદ આવી છે, જેમાં ટ્રમ્પે કહ્યું હતું કે ઈરાન સમજૂતી કરવા માટે ઉત્સુક છે અને અમેરિકી દૂતો ઈરાનના એક સન્માનિત નેતા સાથે વાતચીત કરી રહ્યા છે.

### મોદીનું આહ્વાન...

ભારતીય ક્રૂ સભ્યોની સંખ્યા પણ ઘણી વધારે છે. અંતમાં તેમણે જણાવ્યું કે ઉનાળાની ઋતુને કારણે વીજળીની માંગ વધી હોવા છતાં દેશના તમામ પાવર પ્લાન્ટ્સ પાસે કોલસાનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે.

### ટ્રમ્પના નિવેદન..

ઈન્ડસ્ટ્રિયલ એવરેજ 910 પોઈન્ટ અથવા 2 ટકા ઉપર હતો અને નાસ્ડેક કમ્પોઝિટ 2.2 ટકા વધારે હતો. યુરોપમાં, ટ્રમ્પની જાહેરાત બાદ સ્ટોક ઈન્ડેક્સ તરત જ નુકસાનમાંથી નફામાં આવી ગયા અને ત્યારબાદ તે જ સ્તરે ટકી રહ્યા. ફ્રાન્સનો CAC 40 1.7 ટકા ઉછળ્યો અને જર્મનીનો DAX 2.2 ટકા વધ્યો. વોલ સ્ટ્રીટ પર આ તેજી એટલી વ્યાપક હતી કે S|P 500 ના દર 10 માંથી નવ શેર વધ્યા હતા. તેની સરખામણીમાં એશિયન સ્ટોક ઈન્ડેક્સમાં ભારે ઘટાડો જોવા મળ્યો હતો, કારણ કે ટ્રમ્પની જાહેરાત પહેલા ત્યાં ટ્રેડિંગ પૂરું થઈ ગયું હતું. દક્ષિણ કોરિયાનો કોસ્પી 6.5 ટકા નીચે ગગડ્યો હતો, જાપાનનો નિક્કી 225 3.5 ટકા ઘટ્યો હતો અને હોંગકોંગનો હેંગસેંગ 3.5 ટકા તૂટ્યો હતો.